UGC Approved Journal No:- 62819 ISSN: 2319-202X

# શાળામાં ભવાઈ વેશ દ્વારા શિક્ષણ

**ડૉ. હાર્દિકભાઈ ડી . મહેતા**
પ્રિન્સીપાલ, નીલકંઠ બી.એડ્. કોલેજ, વીસનગર
મો. ૯૧૭૩૭૪૬૬૬૭
drhardikkumar@gmail.com

ભવાઈ એ કલાનું એક ઘણું જ શુદ્ધ સ્વરૂપ છે. ફક્ત મનોરંજન જ નહી પણ માનવીની કેળવણી માટે આ સ્વરૂપ ઘણું જ ઉપયોગી પુરવાર થયેલું છે. શાળાઓમાં નાના મોટાં ભવાઈ વેશ મનોરંજન માટે ભજવાતા હોય છે.

વિષયવસ્તુના કોઈ એક મુદ્દાને ભવાઈનું સ્વરૂપ આપી વર્ગખંડની બહાર તેની ભજવણી કરવામાં આવે અને એ રીતે શિક્ષણ થાય તો તેને ભવાઈકરણ દ્વારા શિક્ષણ થયું એમ કહેવાય. ભવાઈકરણ થતાં વિદ્યાર્થીઓ ભજવણીમાં ભાગ લે છે. ભવાઈ જુએ છે અને તેની ચર્ચા પણ કરે છે. આ રીતે વિદ્યાર્થીઓ પોતાના પાઠનો એકમ ત્રિવિધ અનુભવો દ્વારા તૈયાર કરે છે. ટૂંકમાં તેઓ શિક્ષકના વ્યાખ્યાન કે પ્રશ્નોત્તરીને બદલે ભવાઈ દ્વારા વિષયવસ્તુ શીખે છે. આ પદ્ધતિનો ઉપયોગ કરવા નીચેની મહત્ત્વની બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે.

૧. ભવાઈ માટે યોગ્ય હોય તેવા જ વિષયવસ્તુની પસંદગી કરવી જોઈએ.
૨. વિદ્યાર્થીઓ શિક્ષકના માર્ગદર્શન હેઠળ વિષયવસ્તુને ભવાઈમાં ફેરવવું જોઈએ.
૩. વિદ્યાર્થીઓ દ્વારા જ ભવાઈની ભજવણી અને અવલોકન થવું જોઈએ.
૪. ભવાઈના અંતે વિષયવસ્તુની ચર્ચા થવી જોઈએ અને વિષયવસ્તુના ખૂટતા મુદ્દાની પૂર્તિ થવી જોઈએ.

ઉપરની દરેક બાબતમાં શિક્ષકનું માર્ગદર્શન ખૂબ જરૂરી બને છે. એ માટે શિક્ષકે કલ્પનાશીલ બનવું પડે. ભવાઈકરણ દ્વારા વર્ગમાં શિક્ષણકાર્ય થાય તો વિદ્યાર્થીઓને નીચેના લાભ થાય છે.

૧. તેમની કલ્પના સતેજ બને છે અને તેમની સર્જનશક્તિનો વિકાસ થાય છે.
૨. તેમનામાં લેખન, વાંચન અને અભિનયના કૌશલ્યો વિકસે છે
૩. સામાજિક રીતે તેમનામાં સહકારની ભાવના પ્રબળ બને છે.
૪. તેઓ આનંદ સાથે અર્થપૂર્ણ અધ્યયન કરે છે. પરિણામે અધ્યયન દ્વારા તેઓ સર્જનનો આનંદ અનુભવે છે અને કાર્ય કર્યાનો સંતોષ પ્રાપ્ત કરે છે.
૫. તેમનું અધ્યયન ચિરંજીવી બને છે.
૬. તેઓ અનુભવો દ્વારા શીખતા થાય છે.

તો આવી અનેક લાભ કરનારી શિક્ષણ પદ્ધતિને શાળામાં રોજીંદા કાર્યક્રમમાં કેવી રીતે વણ શકાય તે જોઈએ .

**શાળામાં ભવાઈકરણની પદ્ધતિનો વિનિયોગ :**

શાળાના બાળકોને શિક્ષકે થોડાંક ભવાઈવેશો બતાવવા જોઈએ. જો એ શક્ય ન હોય તો ભવાઈ વંચાવવી જોઈએ. તેઓ આમ ભવાઈમાં રસ લેતા થાય પછી તેમના વિવિધ વિષયોમાં ભવાઈ ક્યાં ક્યાં ઉભી થઇ શકે એમ છે તે વિચારવા તેમને પ્રેરવા જોઈએ. જેમ કે ધોરણ ૧૦ ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં 'ભૈયાદાદા'નો પાઠ આવતો હતો. ધૂમકેતુ લિખિત આ પાઠ એક સુંદર ભવાઈ વિષયવસ્તુ આપી શકે તેમ છે. આ માટે એની વાર્તાની જમાવટ કરીને તેનું ભવાઈમાં રૂપાંતર કરવા શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તાવ મુકવો જોઈએ. પછી થોડાક કલ્પનાશીલ વિદ્યાર્થીઓ સાથે બેસીને શિક્ષકે તેનું ભવાઈમાં રૂપાંતર કરાવવું જોઈએ. ત્યારબાદ શિક્ષકે તેનું રીહર્સલ અને તૈયારી કરી વર્ગખંડની બહાર ભવાઈ ભજવવી જોઈએ. ભજવણી બાદ વિષયવસ્તુના સંદર્ભમાં ભવાઈની ચર્ચા થવી જોઈએ અને તે દ્વારા ભૈયાદાદા અને અન્ય પાત્રોને ઉપસાવવા જોઈએ. છેવટ ભાષા અને કલાલક્ષી સ્વાધ્યાય પણ આપી શકાય. આમ વર્ગખંડની બહાર આ પદ્ધતિનો વિનિયોગ સરળતાથી કરી શકાય.

આમ છતાં યાદ રાખવું ઘટે કે ભવાઈકરણ પદ્ધતિ સર્વત્ર ઉપયોગમાં લઇ શકાતી નથી. એના કારણો નીચે મુજબ છે.

- બધા જ વિષયોમાં બધા જ પાઠનું ભવાઈમાં રૂપાંતર થઇ શકતું નથી.
- ભવાઈ લેખનનો કસબ બધા જ શિક્ષકોને હસ્તગત હોતો નથી.
- આ પદ્ધતિ ખૂબ જ સમય અને શ્રમ માંગી લે છે.
- ભવાઈ અને રંગભૂમિની મર્યાદાઓ ઉપરાંત શાળા, વર્ગખંડની બહારના મેદાનમાં અને સાધનોની મર્યાદાઓ નડતી હોય છે.

**ભવાઈ લેખન :**

ભવાઈ લેખન એ એક કસબ છે. ભવાઈલેખનની કલા એટલે કોઈ રસપ્રદ કિસ્સો, વાર્તા કે પ્રસંગને ભવાઈ સ્વરૂપે રજૂ કરવું તે ભવાઈ લેખન માટે પાયાની શરત એ છે કે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક ઉન્મેષ હોય તો જ તે ઉત્તમ સર્જક બની શકે. વળી લેખન કરનારે શક્ય એટલી વધુ ભવાઈ વાંચેલી અને જોયેલી હોવી જોઈએ. આમ થયું હોય તો લેખનની યુક્તિઓ ઝડપથી સમજી શકે. વળી તેનામાં રંગભૂમિના અટપટા તંત્રની જરૂરી સમજ પણ વિકસી શકે. ભવાઈ લેખનમાં નવલકથા કે વાર્તાના લેખન કરતા વધુ સૂઝ દાખવવી પડે છે કારણ કે અહી ભવાઈકારને જે કઈ કરવાનું હોય છે તે પાત્રોની ક્રિયા, અભિનય અને સંવાદો દ્વારા જ કહેવાનું હોય છે. આમ ભવાઈ લેખન કરનારે કેટલીક શરતો પૂરી કરવાની હોય છે.

- તેને ભવાઈના મહત્ત્વના અંગોનું જ્ઞાન હોવું જોઈએ.

- તેને રસપ્રદ વિષયવસ્તુની પસંદગી કરતા આવડવું જોઈએ.
- તેનામાં ભવાઈ લેખનના કસબની જાણકારી હોવી જોઈએ.
- તેને રંગભૂમિના જ્ઞાન-મનોવિજ્ઞાનની પૂરતી જાણકારી હોવી જોઈએ.
- તેણે ભવાઈ, રંગભૂમિ, કલાકારો, પ્રેક્ષકો અને સાધનની જાણકારી હોવી જોઈએ.

ભવાઈ લેખનને હવે આપણે વર્ગખંડ વિષયવસ્તુના સ્વરૂપના સંદર્ભમાં ચર્ચીએ.

**વર્ગખંડ બહારની ભવાઈ અને ભવાઈલેખન :**

શાળાના વર્ગખંડની બહાર વિદ્યાર્થી દ્વારા ભજવી શકાય તેવી ભવાઈ કે વેશ શાળાના વિષયવસ્તુને આવરી લેતા હોય છે. એમના કેન્દ્રસ્થાને વિષયવસ્તુ અને વિદ્યાર્થીઓ જ હોય છે. આ ભવાઈમાં મનોરંજનનું તત્ત્વ હોય પણ એમાં જ્ઞાન આપવાની ક્ષમતા ભારોભાર હોવી જોઈએ. શાળાના કોઈપણ વિષય માટે ભવાઈ લેખન કરતા પહેલા નીચેની બાબતો બરાબર ધ્યાનમાં રાખવી જોઈએ.

**(૧) ભવાઈ લેખનનો ઉદ્દેશ :**

વર્ગખંડની બહારના ભવાઈનું કાર્યક્ષેત્ર શાળા અને શાળાના વિષયો પૂરતું જ મર્યાદિત છે. આપણો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને ભવાઈ દ્વારા વિષયવસ્તુ શીખવવાનો છે. અલબત્ત ભવાઈ દ્વારા શિક્ષણકાર્ય થાય તો તેથી બીજા ઘણા લાભ થતા હોય છે. પણ આપણે જ્ઞાન સાધનાને કેન્દ્રમાં રાખવી જોઈએ.

- ભવાઈ લેખનમાં કેન્દ્રસ્થાને વિષયવસ્તુ અને વિદ્યાર્થીઓમાં ઈચ્છિત વર્તન ફેરફારો રહેવા જોઈએ.
- ભવાઈ લેખન સરળ અને રસપ્રદ બને તે જોવું જોઈએ.
- ભવાઈ જોનાર વિદ્યાર્થીઓ છે તે બાબત ધ્યાનમાં રાખવી જોઈએ.
- જે–તે વર્ગની મર્યાદાઓ અને ઉપલબ્ધ સામગ્રીનો ખ્યાલ રાખવો જોઈએ.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લઇ ભવાઈ લેખન થાય તો શૈક્ષણિક હેતુઓ મહદ્અંશે સિદ્ધ થવાનો સંભવ છે. આથી સરવાળે વર્ગખંડની બહાર શિક્ષણ ખૂબ ચેતનવંતુ થવાનો લાભ થશે જ.

**(૨) વિષયવસ્તુનું સ્વરૂપ :**

ભવાઈ લેખન કરતી વેળા વિષયવસ્તુના સ્વરૂપને બરાબર સમજવું જોઈએ. અહીં વિષયવસ્તુની ઊંડી સમજ અને વિષયનું સ્વરૂપ બન્ને અભિપ્રેત છે. પ્રથમ ભવાઈ લેખનમાં વિષયવસ્તુને યથાયોગ્ય રીતે સચોટ રીતે રજૂ કરવું જોઈએ. બીજું, વિષય વિષયવસ્તુના સ્વરૂપને ભવાઈ દ્વારા બરાબર બહાર લાવવું જોઈએ. એક – બે દષ્ટાંતો લઈને આ વાત સ્પષ્ટ કરી લઈએ. વિજ્ઞાન વિષયમાં વિષયવસ્તુ ગમે તે શીખવતા હોઈએ પરંતુ વિદ્યાર્થીના મનમાં સતત કેવી રીતે ?શા માટે અને શું ? એ પ્રશ્નો

ઉદ્દભવવા જોઈએ. ટૂંકમાં ,વિષયવસ્તુમાંથી વિજ્ઞાન બહાર આવવું જોઈએ. તે જ પ્રમાણે ભાષા શીખવતા હોઈએ ત્યારે શું ? કેવી રીતે ? શા માટે ? એ પ્રશ્નો થોડા ગૌણ બની જાય છે. પરંતુ ઊર્મિઓ, લાગણીઓ, કલ્પના અને સંવેદનો મોખરે રહે છે. એ જ પ્રમાણે ઈતિહાસ, ભૂગોળ તથા અન્ય વિષય માટે વિચારવું જોઈએ. દરેક વિષયને તેની આગવી ભાષા અને આગવું સ્વરૂપ હોય છે. એટલે ભવાઈ લેખન કરતા તેનું સ્વરૂપ નીખરે તે જોવું જોઈએ વિષયવસ્તુ આપણે શીખવતા હોઈએ તેના ટૂંકા ગાળાનો ઉદ્દેશ પણ હોય છે, તે પણ ભવાઈ દ્વારા પૂર્ણ થવો જોઈએ.

દા.ત : ઈતિહાસમાં 'શાહજહાંનો સુવર્ણ યુગ' શીખવતા હોઈએ ત્યારે ભવાઈ લેખનમાં વધુ વજન શાના ઉપર મૂકીશું ? હકીકતો ઉપર ? સંવાદ ઉપર ? પહેરવેશ ઉપર ? ભવ્ય સેટિંગ પર કે ભવાઈના અન્ય તત્ત્વ પર ? અહી ઈતિહાસ શિક્ષકે ભવાઈકલાવિદ તરીકે નિર્ણય કરવો પડશે.

વિજ્ઞાનમાં 'વિટામિન્સની ઉણપથી થતા રોગો' પર ભવાઈ લેખન કરતા ભવ્ય સેટિંગની જરૂર ખરી ? ચોટદાર સંવાદ જરૂરી ખરા ? વેશભૂષા જરૂરી હોય તો કેવી ? પ્રકાશ આયોજન અને પાર્શ્વ સંગીત કારગત નીવડશે ? વિજ્ઞાન શિક્ષકે આ વિચારી લેવું પડે પછી જ ભવાઈ લેખન આગળ વધી શકે. ગુજરાતીમાં 'ભૈયાદાદા' નો ધૂમકેતુ લિખિત પાઠ સુંદર ભવાઈ વસ્તુ ધરાવે છે. એનું ભવાઈ વેશમાં રૂપાંતર કરવા શું કરવું જોઈએ? પાત્રોના ઉઠાવ માટે પરિસ્થિતિ તથા બનાવને વિકસાવવા માટે શું જરૂરી બને ? ચોટદાર સંવાદો ? સંગીત અને પ્રકાશ આયોજન મદદરૂપ બનશે ? આવા પ્રશ્નોના ઉત્તર શિક્ષક આપે પછી જ તેનું ભવાઈ લેખન અસરકારક બની શકે.

આમ દરેક વિષય માટે તથા દરેક વિષયવસ્તુના મુદ્દા માટે વિચારી શકાય. જેમ ભવાઈમાં શું બને છે તેના કરતા કેવી રીતે બને છે તે અગત્યનું છે. આને ત્યારે જ ન્યાય આપી શકાય કે જ્યારે ભવાઈ લેખક વિષય/વિષયવસ્તુના સ્વરૂપને બરાબર સમજી શક્યો હોય .

**(૩) વિદ્યાર્થીઓની મર્યાદા :**

ભવાઈ લેખકે વિદ્યાર્થીઓને કેન્દ્રસ્થાને રાખી લેખનકાર્ય કરવું જોઈએ. કલાકારો અને પ્રેક્ષકગણ વિદ્યાર્થીઓના જ છે. વિદ્યાર્થીઓની વય કક્ષા અને તેમની શારીરિક તથા માનસિક મર્યાદાઓને ધ્યાનમાં લેવી જોઈએ. કલાકાર તરીકે વિદ્યાર્થીઓ ભવાઈ વસ્તુ માણે –જાણે તેવું ભવાઈનું કલામય સરળ અને પ્રવાહી લેખન હોવું જોઈએ.

**(૪) વર્ગખંડ ની બહાર – સમય –સ્થળ ની મર્યાદા :**

ભવાઈ જ્યાં ભજવવાની છે અને જેટલા સમયમાં ભજવવાની છે તે ઘટક અવશ્ય નજર સમક્ષ રાખવા જોઈએ. ભવાઈ ૩૦ મિનીટમાં પૂર્ણ થવી જોઈએ. ભવાઈ લેખન કાર્ય કરતા આ પરીબળ અવશ્ય ધ્યાનમાં લેવા પડે .

શાળામાં નાનું ભવાઈગૃહ બનાવવું જોઈએ. પરંતુ ભવાઈવેશ લખતા લેખકે લેખનમાં સેટિંગ અને સાધન સામગ્રીના સંદર્ભમાં અવશ્ય બંધન મૂકવું પડશે. જો કે અહી લેખક કરતા દિગ્દર્શકે આપસૂઝથી આગળ વધવાનું રહેશે.

**(૫) શાળામાં ઉપલબ્ધ સાધન સામગ્રી અને સુવિધાઓની મર્યાદા :**

ભવાઈ વેશો લખવા જોઈએ અને ભજવવા જોઈએ. શાળાની તથા વર્ગખંડની બહાર મેદાનમાં નીચેની ભૌતિક સુવિધાઓ ધ્યાન માંગી લે તેવી છે.

શાળામાં વર્ગખંડની બહારના મેદાનમાં ભૌતિક સ્વરૂપ અને તેમાં જરૂરી ઉપલબ્ધ સાધન સામગ્રી (દા.ત ભૂંગળ, ઢોલ, કાંસી–જોડા, તબલાં, મશાલ તથા વિવિધ વિદ્યુત ઉપકરણો )

- શાળાની આર્થિક સદ્ધરતા
- ભવાઈ માટે જરૂરી સાધન સામગ્રી (દા.ત) પડદા સેટિંગ – લાઉડ સ્પીકર મેકઅપના સાધનો વગેરે
- ભવાઈગૃહની ઉપલબ્ધિ અથવા તેનું હંગામી આયોજન

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લઈને જે તે શાળા માટે, જે તે વર્ગ વિષય માટે ભવાઈ લેખન થાય તો વધુ અસરકારક બની શકે.

ભૌતિક સુવિધાઓ અને ભવાઈ માટેની જરૂરી સાધનસામગ્રી સરળતાથી ઉપલબ્ધ બને તો ભવાઈની સફળતા શક્યતા વધે છે. આમેય નાટકનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને નાટક દ્વારા વિષયવસ્તુ શીખવવાનો છે જ પરંતુ ભવાઈમાં કલાનું જરૂરી તત્ત્વ તો હોવું જ જોઈએ. ભવાઈમાં મેદાનનું સેટિંગ ખૂબ જ મહત્ત્વનો ફાળો આપે છે. એ પૈકી શું ઉપલબ્ધ છે અને તેનો મહત્તમ ઉપયોગ કઈ રીતે થઇ શકે તે શિક્ષકે ધ્યાનમાં રાખવું જોઈએ એટલે ભવાઈ લેખક કરતા મુખ્ય નાયક તરીકે શિક્ષકે વધારે સજાગતા રાખવી પડશે.

**શિક્ષણ દર્શન**માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-

**શ્રી અરવિંદભાઈ એલ મહેતા**

૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પ્લેક્ષ પાસે,

સુભાનપુરા, **વડોદરા- ૩૯૦૦૨૩**

**૧** વર્ષનું લવાજમ –**૧૨૦ રૂ.**

૩ વર્ષનું લવાજમ –**૩૩૦ રૂ.**

**૫** વર્ષનું લવાજમ –**૫૫૦ રૂ.**